# અરવલ્લી જિલ્લો મચ્છરજન્ય રોગચાળાના ભરડામાં : ખાનગી હોસ્પિટલો ઉભરાઈ



અરવલ્લી, તા. ૧૬ અરવલ્લી જિલ્લામાં મિશ્ર ઋતુના માહોલમાં શરદી, ખાંસીના રોગમાં અસંખ્ય લોકો સપડાયા પછી ફરીથી ડેન્ગ્યુનો રોગચાળો ડોકાયો છે. જિલ્લાના ખાનગી હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૫૦થી વધુ શંકાસ્પદ કેસ નોંધાતાં આરોગ્ય તંત્ર હરકતમાં આવ્યું છે. હજુ ફુલગુલાબી ઠંડીની માંડ શરૂઆત થઈ છે ત્યાં ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ બહાર આવતાં આગામી શિયાળામાં રોગચાળો વધુ વકરવાની દહેશત વ્યક્ત થઈ છે. અરવલ્લી જિલ્લામાં આરોગ્યતંત્રના રોગચાળાને અંકુશમાં લેવાના પ્રયત્નો છતાં મચ્છરજન્ય રોગચાળો કાયમી ઘર કરી ગયો હોય તેવી સ્થિતિ છે.

જિલ્લામાં શરદપૂર્ણિમાની શીતળતાનો જોઈએ તેવો અનુભવ થયો નથી. દિવસ દરમ્યાન ગરમી અને વહેલી સવારે ઠંડી વચ્ચે પીશાતી પ્રજા શરદી, ખાંસીમાં જકળાઈ છે. સામાન્ય રીતે દશેરાના દિવસથી ચોમાસાની વિદાય થતી હોય છે અને ધીમે ધીમે ફુલગુલાબી ઠંડી સાથે શિયાળાના પગરવ મંડાતા હોય છે પરંતુ વાતાવરણમાં ગરમી વધુ અને ઠંડી ઓછીનું આવરણ ફેલાતાં વાયરલ બિમારીઓએ માથું ઉંચક્યું છે. સમગ્ર જિલ્લામાં મચ્છરોનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં તાવના દર્દીઓમાં દિવાળી ટાણે ઉછાળો આવ્યો છે. તેમાંય જિલ્લાની ખાનગી હોસ્પિટલમાં સામાન્ય તાવ આવ્યા બાદ સારવાર લેવા માટે આવેલા દર્દીઓના લક્ષણો ડેન્ગ્યુ શંકાસ્પદ જણાતાં તમામને હોસ્પિટલમાં દાખલ કરી તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી છે. દિવાળીના તહેવારો ટાણે શંકાસ્પદ ડેન્ગ્યુના દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં નોંધાતાં આરોગ્ય તંત્રએ અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્યલક્ષી કામગીરી તેમજ સર્વેની તૈયારી આરંભી દીધી છે. મિશ્ર ઋતુના માહોલમાં માંદગીનું આવરણ ફેલાયું છે તેમાંય અસંખ્ય લોકો શરદી, ખાંસીનો ભોગ બન્યા છે ત્યાં ફરીથી ડેન્ગ્યુનો સકંજો કસાતાં આગામી શિયાળામાં ડેન્ગ્યુનો રોગચાળો વધુ વકરવાની દહેશત ખાનગી તબીબોએ વ્યક્ત કરી છે.



**શામળાજી પોલીસે વેણપુર ગામ નજીકથી ટ્રકમાં પ્લાસ્ટિકની બેગની આડમાં સંતાડીને લવાતો ૯ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો**

શામળાજી પોલીસે સોમવારે વહેલી પરોઢિયે ૪ વાગ્યાના સુમારે વેણપુરગામની સીમમાંથી રાજસ્થાન તરફથી આવતો ટ્રકચાલક પોલીસ પેટ્રોલિંગ જોઈ રોડની બાજુમાં ટ્રક રાખી ફરાર થઈ જતા પોલીસ ટ્રક(ગાડી.નં- આર.જે.૧૮.જીએ.૨૫૪૧)ની અંદર તલાશી હાથ ધરાતા ડાંગરના ભુસાની પ્લાસ્ટિકની બેગની આડમાં સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૫૦ જેમાં કુલ બોટલો-૧૮૦૦ મળી કુલ રૂ.૯૦૦૦૦૦ નો જથ્થો જપ્ત કરી તથા ટ્રકની કિંમત રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૯૦૦૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

## ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૬ ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત તેમજ રમતગમત અધિકારી કચેરી અરવલ્લી જિલ્લા ખેલ મહાકુંભ-૨૦૧૭ના રોજ કલેક્ટરના હસ્તે યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ ૪૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અલગ-અલગ વય ગૃપમાંથી આવેલા પ્રથમ, દ્વિતીય તેમજ તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર ૧૦ હજાર પુરસ્કાર સર્ટીફિકેટ, ૭ હજાર પુરસ્કાર સર્ટીફિકેટ તેમજ ૫ હજાર પુરસ્કાર સરકટીફિકેટ રોકડ ઈનામ આપવામાં આવશે. આમાંથી પસંદ પામેલા અંડર-૧૪ તેમજ અંડર-૧૭ ખેલાડીઓ રાષ્ટ્રકક્ષાએ યોજાનાર સ્પર્ધામાં આંધ્રપ્રદેશ મુકામે જશે.



**અરવલ્લીના એક હજાર કાર્યકરો ભાજપના ગૌરવ મહાસંમેલનમાં જોડાયા**

આજે ગાંધીનગર નજીક ભાટ ખાતે વડાપ્રધાન મોદી અને ભાજપના રાષ્ટ્રિય પ્રમુખ અમિત શાહની ઉપસ્થિતિમાં યોજયેલ પેજ પ્રમુખ મહાસમેલનમાં મોડાસા સહિત અરવલ્લી જિલ્લામાંથી પણ એક હજાર કરતાં પણ વધુ બુથમાંથી હજારો કાર્યકરો અને બુથ પેજ પ્રમુખો ઉમટી પડ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સંબોધવાના હોઈ ગામેગામથી કાર્યકરો આ મહાસમેલનમાં ઉમટી પડ્યા હતા. પોતપોતાના ગામેથી જીપો, બસો, મોટરકારોમાં ભાટ ગામે આવી પહોંચ્યા હતા. સભા મંડપનો મહાકુંભ જેવો માહોલ જોવા મળી રહ્યો હતો.

# સે-૨૬ કિસાનનગર સોસાયટીમાં દિવાળી ટાણે અંધારુ ૧૫ દિવસથી સ્ટ્રીટ લાઈટો ડુલ

## સેકટરના રીંગ રોડ તેમજ નવરાત્રિ ચોકમાં પણ સાંજ ઢળતા જ અંધારુ છવાઇ જાય છે

ગાંધીનગર તા ૧૬ સે-૨૬ માં છેલ્લા ૧૫ દિવસથી અંધારપટ્ટ છવાયેલો છે. સેકટરની સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા સ્થાનિકોમાં ભયની લાગણી વ્યાપી છે. સંબંધિત તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. જેના પરિણામે દિવાળી ટાંણે પણ સેકટરના રીંગ રોડ તેમજ નવરાત્રિ ચોકમાં સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યા હજુ પણ આમ નાગરિકો માટે મુંઝવણનુ કારણ બની છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતા ઘણાં ઠેકાણે સાંજ ઢળતા જ અંધારુ છવાઈ જાય છે. સ્થાનિક રહીશોમાં પણ ભયની લાગણી ઉદભવે છે. હવે દિવાળીના તહેવાર ટાંણે પણ સેકટરામાં અંધારપટ્ટની સમસ્યા યથાવત હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની સમસ્યાનુ ત્વરિત નિરાકરણ ન આવતુ હોવાનો રોષ પણ એકબાજુ પ્રબળ બન્યો છે. ત્યારે બીજીતરફ સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાના લીધે સ્થાનિકોને તસ્કરી વૃતિનો ભય પણ સતાવી રહયો છે. સે-૨૬ માં કિસાન નગર સોસાયટીના રીંગ રોડ પર છેલ્લા ૧૫ દિવસથી અંધારુ છવાયેલુ જોવા મળી રહયુ છે. જયારે નવરાત્રિ ચોકમાં પણ લાઈટો ડુલ છે. કિસાનગરના અગ્રણી એસ એસ પટેલ આ અંગે તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરી છે. આમછતા કોઈ પગલા લેવાતા નથી. દિવાળી ટાંણે સેકટરોમાં અંધારપટ્ટ હોવાના લીધે ત્વરિત અસરથી પગલા લેવાય તેવી પ્રબળ માંગ સેકટરવાસીઓએ કરી છે.



બનાસકાંઠા જિલ્લાના વર્ષોના પછાતપણાના કલંકને દૂર કરવા વર્ષોથી મેડિકલ કોલેજની માંગણી સરકાર પાસે કરવામાં આવતી હતી. આખરે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર નજીક મોરિયા ખાતે નવી મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું ભૂમિપૂજન રાજ્યના આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીએ કરતા બનાસકાંઠાના યુવાનોમાં નવી ચેતના સંચાર થયો છે. આ પ્રસંગે જિલ્લાના સાંસદ મંત્રી હરિભાઈ ચૌધરીના પણ શિક્ષણ પ્રત્યે અને આ કોલેજ માટે અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લાના અનેક આગેવાનો કાર્યકરો અને પશુપાલકો વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બનાસડેરીના સ્થાપક સ્વ. ગલબાકાકા ટ્રસ્ટના નામે મેડિકલ કોલેજનું નિર્માણ થવા જઈ રહ્યું છે. ત્યારે તે પ્રસંગે હાજર રહેલ સ્વ. ગલબાકાકાના પરિવારજનોને પૂરતું મહત્વ ન અપાતા ઉપસ્થિત જનસમુદાયમાં ભારે કચવાટની લાગણી પ્રસરી હતી.

## ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના કેદી અને તમામ મહિલા કેદીઓને દીવાળીના પર્વે ૧૫ દિવસના પેરોલ મંજૂર

ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ આજે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે કેદીઓ પ્રત્યે પણ માનવીય અભિગમ દાખવીને કેદીઓ દીવાળીના પર્વોપરિવાર સાથે ઉજવે તે માટે કેટલાંક કિસ્સામાં પ્રતિવર્ષની જેમ ૧૫ દિવસના પેરોલ મંજૂર કરવાનો સંવેદશનીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકાર કાયદો અને વ્યવસ્થાના દ્રઢ અમલીકરણ માટે કૃતનિશ્ચયી છે. જેલોમાં સજા ભોગવતા કેદીઓના પુનર્વસન હેઠળ તેમની સજા પૂરી થયે તેઓ સમાજમાં પોતાનુ સ્થાન નિશ્ચિત કરી શકે તે માટે જેલ જીવન દરમિયાન વિવિધ તાલીમ આપીને સમાજ જીવન પ્રવાહમાં ભળે તે માટેની પરિસ્થિતિ નિર્માણ કરે છે. કેદીઓ માટેની આવી કલ્યાણકારી પ્રવૃત્તિઓના ભાગરૂપે રાજ્ય સરકારે પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે તા.૧૭-૧૦-૨૦૧૭થી એટલે કે ધનતેરસના દીવાળી પર્વથી ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના પુરૂષ કેદીઓ અને તમામ મહિલા કેદીઓને ૧૫ દિવસના પેરોલ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે.

# ધો. ૧૦-૧૨નું ફોર્મ ઓન લાઈન ભરવાની કાર્યવાહીનો શુભારંભ થયો

ગાંધીનગર, તા.૧૬ ધોરણ ૧૦અને ૧૨ની માર્ચ-૨૦૧૮ની જાહેર પરીક્ષાના ફોર્મ ઓન લાઈન ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. ધોરણ-૧૦ના ફોર્મ ભરવાની મુદત તા. ૧૦.૧૧.૨૦૧૭ સુધીની નિયત કરવામાં આવી છે. રાજ્યમાં બોર્ડ દ્વારા નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ૧૭ હજાર જેટલી છે. ૧૭ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે ફોર્મ ભરે તો પ્રત્યેક સ્કુલદીઠ સરેરાશ ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા થાય છે. શાળાના આચાર્ય અને કલાર્ક નોન ટીચીગ સ્ટાફ છે. દિવાળી વેકેશન દરમિયાન તેઓએ રજાના દિવસો સિવાય કામકાજના કલાકો દરમિયાન શાળામાં કામગીરી કરવી ફરજીયાત છે. તેથી પ્રત્યેક શાળા દીઠ વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યાને ધ્યાને લઈ, ઓન લાઈન ફોર્મ ભરવામાં થતા સમયની ગણતરી કરતાં, ફોર્મ ભરવાની કામગીરી નિયત સમયમર્યાદામાં કરી દેવી તદ્દન શક્ય છે. વેકેશનના દિવસોમાં પણ વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્ય કરતા જ હોય છે તે બાબતને ધ્યાને લઈને તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યઓને આ કામગીરી સમયમર્યાદામાં થાય તે જોવા પણ જણાવવામાં આવ્યું છે, એમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

### સંખ્યા વધી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુર્વે અજગર જોવા મળતા હતા પરંતુ છેલ્લા પાંચ દાયકાથી અજગર શહેરી વિસ્તારનો વિકાસ થતા પ્રતિકુળ વાતાવરણના અંતે અદ્રશ્ય થઈ ગયા હતા. પરંતુ કેનાલમાં દક્ષિણ તરફથી પાણીનો ફ્લો વધતા અજગર કેનાલ મારફતે ગાંધીનગર તરફ આશરો મેળવી રહયા હોવાનુ પણ વનતંત્રનુ માનવુ છે. વન પરિક્ષેત્ર અધિકારી અતુલ અમીનના જણાંવ્યા મુજબ ગાંધીનગર વિસ્તારમાં છેલ્લા ૬ મહીનાથી અજગરો દેખાતા હોવાના કિસ્સા વધી ગયા છે. ટુંકા સમયગાળામાં જ શહેર આસપાસના ગામોમાં પાંચ ઠેકાણે અજગરે દેખા દીધી છે. છેલ્લા એક સપ્તાહમાં આવા બે કિસ્સા ધ્યાને આવ્યા છે. નાના ચિલોડામાં એક લકઝરીના કાટમાળમાંથી સાડા સાત ફુટનો અજગર મળી આવ્યો હતો. જયારે ત્રણ દિવસ અગાઉ રાંદેસણ ગામની એક સોસાયટીમાં આઠ ફુટના અજગરે દેખા દીધી હતી. જો કે ગ્રામજનો તેમજ સ્નેકલવર્સ કલબ કૌશલ સાધુ, પંકજ ભુરીયા, દિપક પ્રજાપતિ, ભુપેન્દ્ર કોરી ,સંજય વસાવા, અલ્પેશ પટેલ તેમજ શૈલેશ ખાંટના સહયોગથી વનવિભાગ દ્વારા અજગરને સલામત સ્થળે ખસેડી દેવામાં આવ્યા છે. અજગરોને ઉત્કંઠેશ્વર નજીક આંતરસુબાના પ્રાકૃતિક વિસ્તારમાં મુકત કરી દેવાયા છે. ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બખોલ તેમજ કોતર વિસ્તારમાં અજગરો દેખા દઈ રહયા છે. જો કે આ માટે કેનાલ માધ્યમ બની હોવાનુ પણ પ્રાથમિક અભ્યાસના અંતે ધ્યાને આવ્યુ છે.

### પાયલોટ પ્રોજેક્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તંત્ર દ્વારા કુપોષણ મુક્તિ અભિયાન, સામાજિક કુરિવાજો સામેનું અભિયાન જેવા અભિયાનોને પણ આ માટે સંકલિત કરવાની વ્યુહરચના હાલ વિચારી છે. આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શિક્ષણ એ જ સાચો વિકલ્પ તેમજ ટી.બી. કે અન્ય નોન-કોમ્યુનિકેબલ ડીસીઝને નિયંત્રીત કરવા માટેનું અભિયાન પણ છેડવામાં આવશે. જિલ્લાના આ બે તાલુકાઓ માટે ખાસ આરોગ્ય નીતિ પણ અલાયદી રીતે તૈયાર કરવામાં આવશે. સરકાર દ્વારા આ સપ્તાહના અંત સુધીમાં પ્રોજેક્ટના અમલીકરણની વ્યુહરચનાને આખરી ઓપ આપી અને તેની સત્તાવાર જાહેરાત કરાશે. ૬ માસ સુધી આ પ્રોજેક્ટ અમલી રહેશે જેમાં નિયમિત આરોગ્ય વિષયક તપાસની ઝુંબેશનો પણ સમાવેશ થાય છે.

### સંમેલન યોજાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવે, આશા-આંગણવાડી બહેનોને લઘુતમ વેતન આપવામાં આવે, ગ્રાન્ટ ઈન એડના શિક્ષકો, બોર્ડ નિગમો, નગરપાલિકા, મહાનગરપાલિકાના કર્મચારીઓને પગારમાં વધારો, ઈલેકટ્રીક હેલ્પરને કાયમી રોજગારી આપવામાં આવે, મેડીકલ સ્ટોર્સમાં ફાર્માસીસ્ટને ફરજીયાત કરવામાં આવે, તેમજ બેરોજગાર યુવાનો, ખેડુતો, સહિતના પ્રશ્નો અંગે છેલ્લા ત્રણ વર્ષથી જન અધિકાર મંચ દ્વારા લડત આપવામાં આવે છે.પરંતુ સરકાર દ્વારા હજુ સુધી હકારાત્મક અભિગન અપનાવતા જન અધિકાર મંચ દ્વારા જનવેદના સંમેલન સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ગાંધીનગર ખાતે યોજાશે.જેમાં રાજયભરમાંથી હજ્જારો લોકો જોડાશે.

### હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ના પડે એવું મહાત્મા મંદિર બનાવ્યું... બોલો બોલો... હજી આગળ સાંભળવું છે..!!''

''ના..રે..ના..!! જેવી જેની દૃષ્ટિ..!! અમે કરોડો રૂપિયા ખર્ચ્યા છે... શહેરના વિકાસ માટે અને હજી ખર્ચીશુ..!! મેટ્રો આવશે એટલે સિકલ બદલાશે સિકલ..! શહેરની... હવે તો સ્માર્ટ સીટી બની ગયું છે..!''

''હા ખબર છે હવે... સ્માર્ટસીટીની યે ખબર છે હવે, ... કેટલાંક અને કેવા કેવા ગંદકીના ઢગલા શહેરમાં હજી પણ છે... કેટ કેટલા ને કેવા કેવા દબાણો આજે પણ છે..!! અને રખડતા ઢોરનું તો પુછવું જ નથી..! આજ આપણું સ્માર્ટ સીટીને..?!''

''વગોવો... વગોવો... જેટલું વગોવાય એટલું વગોવો..!! આટ આટલું કર્યા પછી ચૂંટણી ટાણે આવું જ સાંભળવાનું..?! આ રીત છે તમારી..?!''

''સાહેબ અકળાઈ ના જાઓ..! આ તો તમે ફાંકા મારો છો..! એટલે કહેવું પડે છે..! બાકી અમનેય ખબર છે કેટલા વીસે સો થાય..!!''

''તમે ગાજી ગાજી ને બોલતા હતાં... અમે આમ કરી દઈશુ..! ને અમે તેમ કરી દઈશું... અમે ઉપર સુચના આપી છે ને ઉપરવાળાને સુચના આપી છે..!! મગજમાં સમાય નહીં એટલા સપના અમારામાં ભર્યા'તા એટલે આ કહેવું પડે... બાકી તો આપ નામદાર સરકાર છો..!!''

''સરકાર નહીં... આપણે સૌ સેવક છીએ..! અને તમારી વાત તદ્દન સાચી છે..! પ્રજાને ભરમાવવા... લલચાવવા... ફસાવવા... ખોટા વચનોની ભરમાર ઉભી ના કરવી જોઈએ..! વાસ્તવિક વાતો... વહેવારૂ વલણ સાથે વ્યક્ત કરવું જોઈએ... તો જ પક્ષો પક્ષો વચ્ચે... અને પક્ષો અને પ્રજા વચ્ચે કડવાશ ઉભી થતી રોકી શકીશું..! એ જ કલ્યાણનો માર્ગ છે..!!''

- નિમિત્ત માત્ર

**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**જાહેર નિવિદા નં. એસકે/3 સને ૨૦૧૭-૧૮**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી, કાર્યપાલક ઈજનેરશ્રી, હિંમતનગર સિંચાઈ વિભાગ, હડિયોલપુલ છાપરીયા, હિંમતનગર-૩૮૩૦૦૧ (૦૨૭૭૨ ૨૪૨૭૧૦)ની કચેરી દ્વારા કુબાધરોલ ઉદ્વહન સિંચાઈ યોજનાના પંપીંગ સ્ટેશન પીએસ-૧ તથા પીએસ-૨ના પેનલના ઈલેકટ્રીકલ તેમજ ઈન્સ્ટ્રુમેન્ટના વિભાગના મરામતની કામગીરી અને આ કચેરી હેઠળના હિંમતનગર સિંચાઈ પેટા વિભાગ, હિંમતનગરની કચેરીના વપરાશ માટે ટેક્ષી પાસિંગ ધરાવતી એક બંધ બોડી જીપ, વાહન વાર્ષિક ધોરણે ભાડે આપવાની કામગીરી માટે રસ ધરાવતા ઈસમો, એજન્સીઓ પાસેથી એકમ દીઠ ભાવો મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર ફોર્મ આપવાની છેલ્લી તા. ૩૦-૧૦-૨૦૧૭ના રોજ ૧૬-૦૦ કલાક સુધી મેળવી શકાશે અને ભાવ ભરેલ ટેન્ડર માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી / સ્પીડ પોસ્ટથી સ્વીકારવાની તા. ૭-૧૧-૨૦૧૭ના રોજ ૧૬-૦૦ કલાક સુધીની છે. કોરા ભાવપત્રકો ભાવપત્રક દીઠ રૂ. ૬૦૦.૦૦ની ટેન્ડર ફી તથા જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવાથી ઉપરોક્ત કચેરીએથી મેળવી શકાશે. ટપાલથી ભાવપત્રકો મંગાવનારે ભાવપત્રક દીઠ રૂ. ૨૦૦.૦૦ વધારાના ભરવાના રહેશે.

વધુ વિગતો માટે ઉક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવાથી ઉપલબ્ધ થઈ શકશે.

**ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૪૬૩/૨૦૧૭-૧૮**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ